દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬

# ‘જનગણમન’ પહેલા ‘વંદે માતરમ્’ ગાવાનો નવો નિયમ પણ નાગરિકો દેશભક્તિનું સમજે તે જરૂરી

ભારત દેશ આઝાદ થયો ત્યારથી દેશમાં ‘જનગણમન’ને રાષ્ટ ગીતનો અને ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રીય ગીતનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ કારણે શાળાઓથી માંડી તમામ સ્થળોએ જ્યારે રાષ્ટ્રીય ગીત ગાવાનું હોય ત્યારે ‘જનગણમન’ ગીત ગાવામાં આવતું હતું. પ્રસિદ્ધ બંગાળી લેખક અને કવિ બંકિમ ચંદ્ર ચેટર્જીનું વંદે માતરમ્ ગીત પહેલીવાર 7 નવેમ્બર 1875ના રોજ સાહિત્ય પત્રિકા ‘બંગદર્શન’માં પ્રકાશિત થયું હતું. જોકે, ત્યારે તેની કોઈ ખાસ ચર્ચા થઈ નહોતી. 7 વર્ષ પછી 1882માં બંકિમ ચંદ્ર ચેટર્જીએ આ ગીતને પોતાની જ નવલકથા ‘આનંદમઠ’માં સામેલ કર્યું હતું. 15 ઓગસ્ટ 1947ના રોજ ભારતની આઝાદી પછી, ઓલ ઈન્ડિયા રેડિયો પર જે પહેલું ગીત વાગ્યું તે ‘વંદે માતરમ્’ હતું પરંતુ 24 જાન્યુઆરી 1950ના રોજ બંધારણ સભાના છેલ્લા સત્રમાં અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદે જાહેરાત કરી હતી કે ‘રવીન્દ્રનાથ ટાગોરનું લખેલું ‘જન ગણ મન’ ભારતનું રાષ્ટ્ર ગીત હશે અને આઝાદીની લડાઈમાં મુખ્ય ભૂમિકા ભજવનારા ‘વંદે માતરમ્’ ગીત રાષ્ટ્રીય ગીત રહેશે. તેને પણ રાષ્ટ્રીય ગીત જેવો જ દરજ્જો આપવામાં આવશે. આ નિર્ણય જાહેર થયા બાદ તે સમયે બંધારણ સભાના તમામ સભ્યોએ જન ગણ મન અને વંદે માતરમ્ બંને ગીતો ગાયા. સત્તાવાર રીતે રાષ્ટ્રીય કાર્યક્રમો જેવા કે- રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને સલામી, પરેડ, રાષ્ટ્ર ધ્વજ ફરકાવવા વગેરે પર રાષ્ટ્રગીત ગાવાનો નિયમ છે. વંદે માતરમ્ માટે આવી કોઈ બાધ્યતા નહોતી. જોકે, ભાજપે સત્તામાં આવ્યા બાદ ‘વંદે માતરમ્’ ગીતને રાષ્ટ્ર ગીત જેવું મહત્વ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. તાજેતરમાં ‘વંદે માતરમ્’ ગીતની રચનાના 150 વર્ષની ભાજપ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકાર દ્વારા નવા નિયમો બનાવવામાં આવ્યા છે કે ‘જનગણમન’ની જેમ જ તેની પહેલા ‘વંદે માતરમ્’ પણ ગાવામાં આવશે. તે પણ પૂરા 6 સ્ટેન્ઝા, જેને ગાવામાં 190 સેકન્ડ લાગશે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તા.28મી જાન્યુઆરીના રોજ નવી ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી હતી અને હવે તેનો અમલ શરૂ કરવામાં આવશે. જે નવા નિયમો લાવવામાં આવ્યા તેમાં જ્યારે રાષ્ટ્રીય ધ્વજને પરેડમાં લાવવામાં આવશે, ત્યારે વંદે માતરમ્ ગાવું કે વગાડવું પડશે. રાષ્ટ્રીય ધ્વજ ‘તિરંગો’ ફરકાવતી વખતે રાષ્ટ્રગીતનું ઓફિશિયલ વર્ઝન એટલે કે 6 પેરેગ્રાફ વાળું વર્ઝન ગાવામાં આવશે. તેને બદલી શકાતું નથી. સરકારના કોઈપણ સત્તાવાર કાર્યક્રમમાં રાષ્ટ્રપતિના આવવા અને જવાના સમયે રાષ્ટ્રગીત વગાડવામાં આવશે. દૂરદર્શન, આકાશવાણી જેવા સરકારી મીડિયા પ્લેટફોર્મ્સ પર રાષ્ટ્રપતિના રાષ્ટ્રીય સંબોધન પહેલા અને પછી વંદે માતરમ્ વગાડવામાં આવશે. રાજ્યપાલ કે ઉપરાજ્યપાલ, જ્યારે રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશના ફોર્મલ ઇવેન્ટ્સમાં આવશે અને જશે, ત્યારે રાષ્ટ્રગીત વગાડવામાં આવશે. ભારત રત્ન, પદ્મ પુરસ્કાર જેવા સન્માન સમારોહમાં વંદે માતરમ્ વગાડવામાં આવશે. જો કેન્દ્ર સરકાર કોઈ ખાસ કાર્યક્રમ માટે અલગથી આદેશ જાહેર કરે છે, તો ત્યાં પણ આ નિયમ લાગુ થશે. શાળાઓમાં દિવસની શરૂઆત દરમિયાન ‘વંદે માતરમ્’નું સામૂહિક ગાન કરાવવામાં આવશે. જનપ્રતિનિધિઓ કે સન્માનિત લોકોની હાજરી વાળા સામાન્ય કાર્યક્રમોમાં પણ વંદે માતરમ્ ગાઈ શકાય છે. ‘જનગણમન’ને લઈને સ્પષ્ટ કાનૂની પ્રોટોકોલ છે. તેનું અપમાન કરવા પર 3 વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જોકે, હાલમાં ‘વંદે માતરમ્’ માટે એવી સજાની જોગવાઈ નથી. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ‘વંદે માતરમ્’ ગીતને વધુ મહત્વ આપવા પાછળ રાજકારણ હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. પરંતુ સત્ય એ છે કે ‘જનગણમન’ ગાવો કે પછી ‘વંદે માતરમ્’ ગાવો, જ્યાં સુધી પ્રત્યેક દેશવાસી પોતાની દેશ પ્રત્યેની જવાબદારી નહીં સમજે ત્યાં સુધી ગમે તે રાષ્ટ્રીય ગીત ગાશે પરંતુ દેશનું ભલું થવાનું નથી. ખરેખર સરકારે પ્રત્યેક નાગરિક પોતાની જવાબદારી સમજે, પોતાના હક અને ફરજ સમજે તે માટે જાગૃતતા લાવવાની જરૂરીયાત છે. જે દેશમાં પીવાના પાણીના ગ્લાસને પણ જો સાંકળથી બાંધી રાખવો પડતો હોય તો તે દેશમાં ‘વંદે માતરમ્’ કે ‘જનગણમન’ ગાવામાં આવે, કોઈ જ ફરક પડે તેમ નથી તે હકીકત છે.

# ભારતીય ઑટોમોબાઈલ ક્ષેત્રે મારુતિ સુઝુકી અને ટોયેટા પોતાના ઈલેક્ટ્રિકલ વ્હીકલના માર્કેટિંગમાં આક્રમક બની શકે છે

**ઈકો-નોમિક્સ**

**ડૉ.જયનારાયણ વ્યાસ**

તાજેતરમાં માધ્યમોમાં આવેલા સમાચારો મુજબ જાપાનીઝ કંપની સૂઝુકી કુલ ૩.૮૫ અબજ ડૉલર (૩૫,૦૦૦ કરોડ રૂપિયા) ના રોકાણથી ગુજરાત ખાતે પોતાનું એકમ સ્થાપી રહી છે, જેની વાર્ષિક ઉત્પાદનક્ષમતા ૧૦ લાખ યુનિટ જેટલી અંદાજવામાં આવી છે. આવી જ બીજી એક જાહેરાત થકી ટોયેટા કંપનીએ શહેરી વિસ્તારોમાંથી પોતાની ઈલેક્ટ્રિક કાર ‘ઈબેલા’ લૉન્ચ કરી છે. ટોયેટા કંપનીનો ઈરાદો આ થકી ભારત, જે દુનિયાનું ત્રીજા નંબરનું મોટામાં મોટું ઑટોમોબાઈલ્સ માર્કેટ છે અને જેમાં વર્તમાન સ્થિતિએ ટોયેટા પાંચમા ક્રમે છે તે સુધારવાનો હોય તેમ જણાય છે.

આમ, જાપાનની બે મુખ્ય ઓટોમોબાઈલ કંપનીઓ ટોયેટા અને સુઝૂકી ભારતીય બજારમાં વધુ આક્રમકતાથી કામ કરતી દેખાશે. આ બંને કંપનીઓ છેલ્લા કેટલાક દાયકાઓથી ભારતમાં કાર્યરત છે અને એ રીતે ભારતની ઑટો માર્કેટથી સુપેરે સુવિદિત છે. ભારતીય બજારમાં ઓટો મોબાઈલ ક્ષેત્રે માંગ વધશે પણ તેની સાથોસાથ સ્પર્ધા પણ વધતી રહેવાની. આ સ્પર્ધામાં બંને જાપાની કંપનીઓને જે મુખ્ય સ્પર્ધકનો સામનો કરવાનો છે તે તાતા મોટર્સ છે. ત્યાર બાદ અન્ય વિદેશી કંપનીઓ જેવી કે, હુંડાઈ અને એમજી જેવાં ખેલાડીઓ પણ ભારતીય બજારમાં પોતાનો હિસ્સો વિસ્તારવા માટે આક્રમકતાથી કાર્યરત છે. આમાંની માંગનો એક હિસ્સો ઈલેક્ટ્રિકલ વ્હીકલ દ્વારા સંતોષાશે, જેમાં અત્યારે વૈશ્વિક કક્ષાએ ટેસ્લાને પાછળ રાખીને ચીનની બીવાયડી કંપની આગળ નીકળી છે. આ વ્હીકલ બે કેટેગરીમાં ઉપલબ્ધ છે, જેમાંની પહેલી કેટેગરી પૂરેપૂરું ચાર્જિંગ કર્યા બાદ ૫૪૬ કિ.મી.નું અંતર કાપી શકે છે. ટોયેટા કંપનીએ આ એસયુવી માટેનું બુકિંગ તાત્કાલિક અસરથી ખોલી નાખ્યું છે, પણ તેની કિંમત અને ડીલીવરીની તારીખ બાબતે હજુ કોઈ સ્પષ્ટતા ઉપલબ્ધ નથી. સુઝૂકીનું પહેલું ઈલેક્ટ્રિક વ્હીકલ, ‘ઈ વીતારા’ ભારતીય બજારમાં ગઈ સાલ મુકાયું એ જ પ્લેટફોર્મ ટોયેટાનો ઈબેલા વાપરવાનો છે. આ પહેલી વાર છે કે જ્યારે આ બંને કંપનીઓ ઈવી માટે સહયોગ કરી રહી છે.

આમ, ‘ઈ વીતારા’ કરતાં ‘ટોયેટા ઈબેલા’નાના મોટા ફીચર અને આઉટ લુકમાં થોડા ઘણા ફેરફારો ધરાવતું હોઈ શકે છે. તે ઉપરાંત ટોયેટાનું પ્રભુત્વ આફ્ટર સેલ સર્વિસ માટે પણ છે, જે એના મજબૂત પાસાંનો ઉપયોગ ‘ઈબેલા’ના માર્કેટિંગ માટે પણ કરશે. આ ઉપરાંત કંપની આઠ વર્ષ માટેની વૉરન્ટી અને દેશમાં ૫૦૦ જેટલા ઈલેક્ટ્રિકલ વ્હીકલ સર્વિસ સેન્ટરનું નેટવર્ક પણ પોતાની પ્રોડક્ટના ટેકામાં રજૂ કરે છે. ટોયેટા, જીઓ-બીપી અને ચાર્જ ઝોનના સહકારમાં ચાર્જિંગ સવલતો ઉપલબ્ધ કરાવશે. અગાઉ જણાવ્યું તેમ ભારતીય ઑટોમોબાઈલ ઉત્પાદકોમાં ટોયેટા પાંચમા નંબરની મોટી કંપની છે ને એની હરીફાઈ ટાટા મોટર્સ, એમજી મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને હુંડાઈ જેવી કંપનીઓ સાથે રહેશે. ભારતીય બજારમાં ૨૦૧૯માં પેસેન્જર્સ વ્હીકલ્સના કુલ વેચાણમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલ્સનો ફાળો નગણ્ય એવો ૦.૧ ટકા હતો, જે ૨૦૨૫માં ઝડપથી વધીને ૪.૬ ટકા થવા પામ્યો હતો. જાતો ડાયનેમિક્સ દ્વારા ભારતીય ઑટો મોબાઈલ માર્કેટમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલનું વેચાણ અંગેની વિગતમાં જોઈ શકાશે.

**આ ઉપરાંત ભારતમાં કેટલીક સ્થાનિક કંપનીઓ પણ ઈલેક્ટ્રિકલ વ્હીકલ બનાવે છે. ગયા વર્ષે મારુતિ સુઝુકી દ્વારા પોતાનું પહેલું ઈલેક્ટિક વ્હીકલ ભારતમાં લૉન્ચ કરવામાં આવ્યું તે સામે ટોયેટા મોડા મોડા પણ હવે ભારતીય બજારમાં પ્રવેશ કરશે. મારુતિ સુઝૂકીનું ઈલેક્ટ્રિકલ વ્હીકલ, ‘અર્બન ક્રૂઝર ઈબેલા’ હજુ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મુંબઈમાં લૉન્ચ કરવામાં આવ્યું**

ભારતીય ઑટોમોબાઈલ બજારમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલ હજુ પ્રવેશ કરી રહ્યું છે એનું મુખ્ય કારણ ચાર્જીંગ અને સર્વિસીંગ સવલતો પાંખી હોવાનું જણાવાય છે. આમ, ટોયેટા અને સુઝુકી બંને માટે પ્રમાણમાં બજારમાં મોડા દાખલ થયાં હોવા છતાં આવનાર સમયમાં જો તેઓ ચાર્જિંગ અને સર્વિસીંગ નેટવર્ક વધુ અસરકારક રીતે ઊભું કરી શકે તો ઝડપથી પ્રગતિ કરવાનું નિર્માણ થશે. ટોયેટા અત્યારે યુરોપિયન માર્કેટમાં પણ નિકાસ કરી રહી છે અને પ્લેટફોર્મ બાબતે ટોયેટા તેમાં સુઝુકી વચ્ચેના સહયોગથી મારુતિ પોતાને પક્ષે ઉત્પાદનનું કદ, ડિસ્ટ્રીબ્યૂશન અને કોસ્ટ એફિશિયન્સી જ્યારે ટોયેટા ટેકનોલૉજી, ક્વૉલિટી સિસ્ટમ, ગ્લોબલ ઈલેક્ટ્રિકલ વ્હીકલ જાણકારી - એમ બંનેનો સહયોગ થતાં એમની સ્પર્ધાત્મકતા વધશે.

ટોયેટાનો પ્લાન્ટ કર્ણાટકા ખાતે આવેલો છે. તેને ૭૦ અબજ (૭૭ કરોડ ડૉલર)ના ખર્ચે વિસ્તારી રહી છે.

એ ઉપરાંત આ કંપની મહારાષ્ટ્રમાં પણ ૨૦૦ અબજ રૂપિયાના રોકાણ સાથે પ્લાન્ટ શરૂ કરવાના આયોજન સાથે બેઠી છે. મારૂતિ સુઝુકી એના ગુજરાત પ્લાન્ટમાં અગાઉ જણાવ્યું તેમ ૩૫,૦૦૦ કરોડ રૂપિયા જેટલું રોકાણ કરવાની છે. આમ, આવનારા વર્ષોમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલના ક્ષેત્રે હાલનો ૪.૬ ટકાનો બજાર હિસ્સો વધીને ૧૦ ટકા પાર કરી જાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.


- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ગીતા વાંચતાં રહો

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

રોજ સવારે દાદાજી વહેલા ઊઠી ટેબલ પર રાખેલી ભગવદ્ ગીતા વાંચવા બેસે, દાદાજીનો આ રોજનો નિયમ. દાદાના પૌત્રને દાદાજી જેવા જ બનવું હતું એટલે પૌત્ર બધી રીતે દાદાજીના વર્તનની રીતભાતની નકલ કરે, દાદાની જેમ જ ચાલે, દાદાજીની જેમ બેસે, કામ કરે, ભગવદ્ ગીતા પણ વાંચે. એક દિવસ દાદાજી વહેલી સવારે રસોડામાં ટેબલ પર બેસી ગીતાપઠન કરી રહ્યા હતા ત્યારે પૌત્ર તેમની પાસે આવ્યો અને પૂછ્યું, ‘‘દાદાજી, મેં આ ભગવદ્ ગીતા વાંચવાનો પ્રયત્ન ઘણી વાર કર્યો છે પણ મને એમાં કંઈ જ સમજ પડતી નથી.’’ દાદાજીએ કહ્યું, ‘‘ ભાઈ હું આટલાં વર્ષોથી વાંચું છું છતાં મને પૂરેપૂરું પુસ્તક હજી સમજાયું નથી. છતાં હું રોજ વાંચતો રહું છું.’’ પૌત્રે પૂછ્યું, ‘‘દાદાજી, જે વસ્તુ સમજાય નહીં તેવી વસ્તુ એક સરખી વાંચતાં રહેવાનો શું અર્થ?’’ દાદાજી કંઈ બોલ્યા નહીં, પોતાનું ગીતાપઠન




પૂરું કરી રસોડામાં પડેલા કોલસા ભરેલી વાંસની ટોપલીમાંથી તેમણે બધા કોલસા ખાલી કરી ગુણીમાં ભર્યા અને પૌત્રને કોલસાની ખાલી વાંસની કાળી પડેલી ટોપલી આપી અને કહ્યું, ‘‘ જા નદીમાંથી આ ટોપલીમાં પાણી ભરીને લઈ આવ.’’ પૌત્રે નદી કિનારે જઈને ટોપલીમાં પાણી ભર્યું પણ ઘર સુધી આવતાં બધું પાણી નીચે ટપકીને પડી ગયું. દાદાજીએ કહ્યું, ‘‘ જા ફરીથી હવે જલ્દી દોડીને આવજે.’’ પૌત્ર નદી કિનારે ગયો. ટોપલીમાં પાણી ભરીને દોડીને ઘર સુધી આવ્યો છતાં ટોપલીમાંથી પાણી બધું સરકી ગયું. દાદાને તેણે કહ્યું, ‘‘ આ ટોપલીમાં પાણી ભરવું શક્ય જ નથી. કહો તો માટલામાં ભરી લાવું.’’ દાદાજીએ કહ્યું, ‘‘ ના મને માટલામાં ભરેલું નહીં, ટોપલીમાં જ ભરેલું પાણી જોઈએ છે. જા તું પૂરેપૂરી તાકાત લગાવી દોડજે અને ટોપલીમાં પાણી લઈ આવજે.’’ પૌત્ર આ વખતે પોતાની બધી જ તાકાત લગાવી પાણી ભરેલી ટોપલી લઈને દોટ મૂકી છતાં પણ પાણી તો ઢોળાઈ જ ગયું. ટોપલી તો ખાલી જ હતી. પૌત્ર વારંવાર મહેનત કરીને કંટાળી ગયો પછી પૂછ્યું, ‘‘દાદાજી, આ ટોપલીમાં પાણી શું કામ તમારે મંગાવવું છે, તેમાં પાણી લાવવું શક્ય જ નથી. જુઓ, ટોપલીમાંથી પાણી સરકી જ જાય છે.’’ દાદાજી બોલ્યા, ‘‘બેટા, ભલે ટોપલીમાં પાણી ન ભરાય પરંતુ તું ટોપલીને જો. કોલસા ભરેલી કાળી ટોપલી સાફ થઈને એકદમ સાફ સુથરી થઈ ગઈ છે.’’ દાદાજીએ આગળ કહ્યું, ‘‘ દીકરા આવું જ ગીતાપઠનનું છે. પહેલાં ન સમજાય, બીજી વારમાં થોડું સમજાય, ત્રીજી વારમાં થોડું વધુ સમજાય, પૂરેપૂરું ભલે ન સમજાય પણ તમારા મન મગજને ધીમે ધીમે ચોખ્ખા કરવાનું કામ અચૂક કરે છે.’’ તક મળે ત્યારે ગીતાપઠન કરતાં રહેવું. સાત્ત્વિક વાચન અને સત્સંગ મન મગજને સાફ કરે છે.

# તમાકુ કે કઠોળ? પ્રાથમિકતા નક્કી કરો

**ફીર દેખો યારોં**

**બીરેન કોઠારી**

નશીલાં પીણાં કે પદાર્થનું સેવન કરવું નુકસાનકારક છે. અમુક સ્થળે તે ગેરકાનૂની છે, છતાં આખરે તે સ્વૈચ્છિક તેમજ વ્યક્તિગત બાબત છે. તમાકુનું વિવિધ પ્રકારે સેવન સ્વાસ્થ્યને ઘણું નુકસાન કરે છે અને આ હકીકત હવે અતિશય જાણીતી થઈ ચૂકી છે. સિગારેટ, બીડી કે ગુટખાનાં પડીકાં પર કેન્સરની ચેતવણી અને ભયજનક ચિત્ર જે તે બ્રાન્ડના નામ કરતાંય મોટું મૂકાયેલું જોવા મળે છે. આમ છતાં, કોઈ ચાહીને તેનું સેવન કરવા ચાહે તો એ રોકી શકાય એમ નથી, કેમ કે, છેવટે એ વ્યક્તિગત પસંદગીનો મામલો બની રહે છે.

અલબત્ત, તમાકુ અને તેની પેદાશોને ખલનાયક ચીતરવામાં આવતા રહ્યા છે, તેના સેવન અને વેચાણ પર વિવિધ પ્રકારે પાબંદીઓ મૂકવામાં આવે છે, છતાં તેના ઉત્પાદનને નિયંત્રિત કરવા બાબતે કશું વિચારાતું નથી એ નવાઈ કહેવાય. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે મોટેરાં તમાકુનું વિવિધ સ્વરૂપે સેવન કરતાં હોય છે અને એમનું જોઈને નાનેરાં એ માર્ગે વળે છે. છતાં દરેક કિસ્સે આમ ન પણ હોય. મુખ્ય વાત એ છે કે તમાકુની પેદાશોનું સેવન નુકસાનકારક હોવાની સાથોસાથ ખર્ચાળ પણ છે. એ ખર્ચાળ હોવાને કારણે પરિવારના માસિક આયોજનમાં તેની પ્રાથમિકતા કેટલી છે એ જાણવું જરૂરી છે.

કેન્દ્ર સરકારના સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા પ્રકાશિત આંકડા જોવા જેવા છે. આ મંત્રાલય અંતર્ગત વર્ષ 2023-24 દરમિયાન ‘નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ’ (એન.એસ.એસ.ઓ.) દ્વારા ઘરેલુ ખર્ચનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. એમાં જણાયું કે વિભિન્ન રાજ્યોમાં, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પાન, તમાકુ અને અન્ય માદક પદાર્થો પાછળનો ખર્ચ ઘરેલુ ખર્ચના પાંચથી નવ ટકા જેટલો હોય છે. કઠોળ, ફળ અને ક્યારેક તો આ પ્રમાણ દૂધના ખર્ચ કરતાં પણ વધુ હોય છે. શહેરી વિસ્તારોમાં આ પ્રમાણ ઓછું હોય છે, પણ મોટે ભાગે તે કઠોળ પાછળ કરાતા ખર્ચને ઓળંગી જાય છે.

અલબત્ત, આ નવું નથી. અગાઉ એન.એસ.એસ.ઓ. દ્વારા વર્ષ 1999-2000 દરમિયાન કરાયેલા અભ્યાસમાં આ પ્રમાણ ભારતભરમાં દસ ટકા જણાયું હતું. સાદી ભાષામાં કહીએ તો લોકો પોષક ખાદ્ય ચીજો કરતાં વધુ ખર્ચ આવાં માદક દ્રવ્યો પાછળ કરતાં જણાયાં.

આનો એક અર્થ એ થઈ શકે કે ખર્ચ કરનારાઓ પસંદગીપૂર્વક પોષક આહારને બદલે માદક દ્રવ્યો પાછળ ખર્ચ કરે છે. સવાલ એ પરવડવાનો નથી પણ પ્રાથમિકતાનો છે. 1990ના દાયકામાં એવું જોવા મળેલું કે ઘરેલુ ખર્ચનો મોટો હિસ્સો અનાજ પાછળ ખર્ચાતો. એ પછીના સમયમાં તે તમાકુ જેવાં માદક દ્રવ્યો પાછળ ખર્ચાતો થયો છે, જે નથી આહાર કે નથી આપતો કશું પોષણ. તેનાથી મળે છે ફક્ત ને ફક્ત જીવલેણ રોગ. લોકો નાણાં ખર્ચીને પીડાદાયી મૃત્યુ ખરીદે છે એમ કહી શકાય.

**અલબત્ત, તમાકુ અને તેની પેદાશોને ખલનાયક ચીતરવામાં આવતા રહ્યા છે, તેના સેવન અને વેચાણ પર વિવિધ પ્રકારે પાબંદીઓ મૂકવામાં આવે છે, છતાં તેના ઉત્પાદનને નિયંત્રિત કરવા બાબતે કશું વિચારાતું નથી એ નવાઈ કહેવાય. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે મોટેરાં તમાકુનું વિવિધ સ્વરૂપે સેવન કરતાં હોય છે અને એમનું જોઈને નાનેરાં એ માર્ગે વળે છે. છતાં દરેક કિસ્સે આમ ન પણ હોય**

આમ થવા પાછળનું કારણ શું? પહેલી અને પ્રાથમિક વાત એ કે આને લોકોની આર્થિક સમૃદ્ધિ કે વધેલી ખરીદશક્તિ સાથે સાંકળી લેવાની જરાય જરૂર નથી. શ્રમિક વર્ગની કામ કરવાની બદલાયેલી પરિસ્થિતિઓ તેના માટે ઘણે અંશે જવાબદાર છે.

‘એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન કોમ્પ્લેક્સ ચોઈસીસ’(આઈ.એ.એસ.સી.સી.) ના સભ્ય અનિલ સૂદના જણાવ્યા અનુસાર શારીરિક શ્રમના કામમાં તમાકુનું સેવન એક મહામારીની જેમ વ્યાપેલું છે. નિવાસી સમુદાયોમાં આ વલણ દાયકાઓથી જોવા મળતું આવ્યું છે. યોગ્ય વિરામ વિના લોકો બારથી ચૌદ કલાક કામ કરે છે, જાગતા રહે છે અને ઢસડ્યે રાખે છે. આ પ્રક્રિયામાં તેઓ ખોરાકની અવેજીમાં અન્ય માદક પદાર્થના શરણે જાય છે. સૂદે એમ પણ જણાવ્યું કે આ વલણ વિવિધ કાર્યક્ષેત્રો અને વયજૂથોમાં વ્યાપક રીતે જોવા મળે છે. ચાહે એ બાંધકામ ક્ષેત્રનાં કામદારો હોય, ડેરી ઉદ્યોગના હોય કે ટેક્સી ડ્રાઈવરો હોય. અઢાર- ઓગણીસ વર્ષનાં યુવાનો સુધ્ધાં આ કુટેવને અન્યો પાસેથી ગ્રહણ કરી લે છે. તેઓ માને છે કે આનાથી તેમને ઊર્જા મળે છે. એક વાર શરૂ થઈ ગયા પછી આ આદત ભાગ્યે જ છૂટે છે.

શહેરી વિસ્તારોમાં ધૂમ્રપાનનું પ્રમાણ ઘટ્યું છે, પણ તમાકુનું સેવન વધી રહ્યું છે. ખાસ કરીને શહેરમાં આવેલાં સ્થળાંતરિત શ્રમિકો આ આદતને ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરોમાં લાવે છે. સૂદના જણાવ્યા અનુસાર શહેર હોય કે ગામ, આદત એટલી જ નુકસાનકારક બની રહે છે.

આપણા દેશની તમાકુ નિયંત્રણ નીતિમાં સિગારેટ પર નિયંત્રણ વધુ જોવા મળે છે, જ્યારે ધૂમ્રવિહીન પદાર્થો, જેવા કે તમાકુ, પાનમસાલા કે અન્ય સ્થાનિક પદાર્થો સુલભ અને સસ્તા હોય છે. તેમની પર નિયંત્રણ ખાસ હોતું નથી. વિચિત્ર બાબત એ પણ છે કે વારેવારે જી.એસ.ટી.ના વધારા પછી પણ આ સેવન ઘટ્યું નથી, જે સૂચવે છે કે ભાવવધારો પણ સેવનને રોકી શકતો નથી. બારથી ચૌદ કલાક કામ આકરું શારીરિક કામ કરવાનું હોય એવી સ્થિતિમાં ભલે કામચલાઉ ધોરણે પણ તમાકુ કે અન્ય માદક પદાર્થો જાણે કે ઔષધિનું કામ કરે છે. તેનાથી થતી લાંબા ગાળાની નુકસાનકારક અસરો વિચારી શકાય એવી એ કામદારોની માનસિક કે આર્થિક સ્થિતિ હોતી નથી.

આપણી પોષણ નીતિ મુખ્યત્વે અનાજ દ્વારા મળતી કેલરી પર કેન્દ્રિત છે. પ્રોટિન તેમજ અન્ય સૂક્ષ્મ પોષક દ્રવ્યની ઊણપ એમની એમ રહે છે. આ અભ્યાસમાં જાણવા મળે છે કે આવક વધે તો પણ ઘરના ખર્ચનો હિસ્સો તમાકુમાંથી અન્ય પોષક દ્રવ્યો તરફ ફાળવાતો નથી. મતલબ કે સ્વાસ્થ્ય નીતિ અને પોષણ નીતિ રેલવેના બે પાટાની જેમ, એકમેક સાથે કશી લેવાદેવા વિના કામ કરે છે. આ બાબતે સરકાર જ્યારે વિચારે ત્યારે, એક નાગરિક તરીકે આપણે સૌએ વિચારવા જેવું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રીડેવેલોપમેન્ટ અને સંપૂર્ણપણે નિવાસોનું વેચાણ

સુરત શહેરની સીમા ઘણી બ્હોળી થઈ છે અને જે વિસ્તાર ગઈ કાલ સુધી પોશ વિસ્તાર ગણાતો હતો, જે ગઈ કાલ સુધી શાંત અને ભદ્ર વિસ્તાર ગણાતો હતો, જ્યાં રહેવું એ એક ગૌરવ ગણાતું હતું તેવા શહેરની અંદરના જ બે ચાર વિસ્તાર આજે વ્યાપાર વિકાસ અને ખાણી પીણીનાં સ્થળો અને વ્યાપારી સંકુલોથી ભર્યાંભર્યાં છે અને આવા વિસ્તારમાં આવેલી વસાહતો સોસાયટીઓનાં રહીશો ત્રાહિમામ્ પોકારી ગયાં છે. વળી કેટલીક સોસાયટીઓ તો ૫૦, ૫૧ વર્ષ જૂની હોવાથી, ભલે તે મકાનો અત્યારે રહેવાલાયક બળે બળે ગણાતાં હોય, છતાં તે વારંવાર રીપેરીંગને કારણે જ છે તે સત્ય સ્વીકારવું રહ્યું અને હજી પણ રીપેરીંગ તો સમય સમયે ચાલુ જ રહે છે અને રહેશે. હવે આવી સોસાયટીનાં સભ્યોની એક નિવારી શકાય તેવી મુશ્કેલી એવી છે કે જ્યાં ૮૦ થી ૯૦ ટકા મકાનધારકો અને રહેવાસીઓ ઈચ્છે છે કે હવે આ વિસ્તારમાં રહી શકાય તેમ નથી અને વિકસતા સુરતના અન્ય વિસ્તારોમાં રહેવા જવું તે સમયનો તકાદો છે અને આવી સોસાયટીઓ કોઈ બિલ્ડર પોતાનું વ્યાપારી સંકુલ બાંધવા સોસાયટીનાં રહેશોને અધિકૃત રીતે સારો ભાવ આપવા તૈયાર હોય ત્યારે ફક્ત ત્રણ ચાર રહીશોના વિરોધને કારણે બાકીનાં ૯૦ ટકા રહેશોનું કાર્ય ખોરંભે ચઢે છે, કારણ ફક્ત ને ફક્ત એક જ છે કે જેમ રીડેવેલોપમેન્ટ માટે સરકારી કાનૂની જોગવાઈ છે કે ૭૫% માલિકો/રહીશો તૈયાર હોય તો તે કાર્ય કોઈ અટકાવી શકતું નથી તેમ કોઈ પણ વસાહત કે સોસાયટીનું જો આઉટ રાઈટ વેચાણની સારી ઓફર હોય અને જો જ્યાં પેમેન્ટ અધિકૃત રીતે મળતું હોય એટલે કે તમામ રકમ ચેકથી જ મળતી હોય તો એવા કિસ્સાઓમાં પણ ૭૫%નો કાયદો હોવો જ જોઈએ અને જેઓ વિરોધીઓ છે તેમને કોઈ અદાલતે રક્ષણ આપવું ન જોઈએ, કારણ બે ચાર અનિચ્છાવાળાં રહીશોને કારણે ૯૦% પરિવારો દુઃખી થાય તે અને ૯૦% નો વિકાસ રૂંધાય તે ન્યાયી કઈ રીતે ગણાય. ગુજરાત સરકારશ્રીને મારી નમ્ર વિનંતિ છે કે આ અત્યંત વ્યાજબી પ્રશ્ન માટે કોઈ જરૂરી કાયદો ત્વરિત બનાવી અમલમાં મૂકે. આ પ્રકારનો પ્રશ્ન જ્યાં જ્યાં અવરોધ સર્જાતો હોય તેવી દરેક સોસાયટીએ સરકારશ્રીને રજૂઆત કરવી જોઈએ.

**સુરત - રાજેન્દ્ર કર્ણિક**

## પૈસાથી આત્મસંતોષ ખરીદાતો નથી

આત્મસંતોષ માટે પુણ્યનું ભાથું બાંધવું પડે છે. સ્વર્ગ અને નરક એ પરિકલ્પના છે. સંપત્તિ હોવા છતાં કેટલાંકે આર્થિક તો ન કહેવાય પણ શારીરિક અને માનસિક પીડાથી આજીવન પીડાય છે. જિંદગીને પ્રેમથી માણવા પણ આયોજન કરવું પડે છે. માણસના જન્મ અને અંત અણધાર્યું હોય છે. તેના સતત ભયથી વર્તમાન જિંદગીનો લ્હાવો બગાડશો નહિ.

**અડાજણ - અનિલ શાહ**

## કતારગામ ઝોનમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શની અયોગ્ય વ્યવસ્થા

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કતારગામ ઝોન સિવાય ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનમાં કચરાગાડી સાથે આવતાં કામદાર દ્વારા દરેક ઘરમાંથી કચરાની પેટી લઈ કચરાગાડીમાં કચરો નાખવામાં આવે છે. પરંતુ કતારગામ ઝોનના ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા અનોખી અવ્યવસ્થાનું ટેંડર સભ્યોએ જાતે પોતાનો કચરો કચરાગાડીમાં નાખવો ફરજિયાત છે. જો ઘરનો સભ્ય પોતાનો કચરો ગાડીમાં ન નાંખે તો કચરો કામદાર દ્વારા ઉપાડવામાં આવતો નથી. હવે જો કોઈ ઘરનાં દરેક સભ્યો નોકરી ધંધા અર્થે બહાર ગયાં હોય તો તેમના ઘરમાંથી ક્યારેય કચરાનો નિકાલ થઈ શકે નહિ. આ પરિવારે ફરજિયાતપણે ખુલ્લા રસ્તા પર કચરો નાખવાની ફરજ પડે છે. ઉપરોક્ત તદ્દન ગેરવ્યાજબી અવ્યવસ્થાને કારણે દરેક સોસાયટીનાં હજારો લોકો કાગડોળે કચરાગાડીની લગ્નની જાનની જેમ રાહ જોતાં જોવા મળે છે. અધિકારીઓ તથા કોર્પોરેટરો દ્વારા લાગુ હાસ્યાસ્પદ અને ગેરવ્યાજબી વ્યવસ્થાને કારણે દરરોજ લાખો લોકો હેરાન થાય છે. કતારગામ ઝોનમાં દરેક વખતે આવી અયોગ્ય તથા નકામી વ્યવસ્થા કરી પ્રજાને અન્યાય કરવામાં આવે છે. સ્થાનિક કોર્પોરેટરો તથા ધારાસભ્યોને પ્રજાની સમસ્યા સાંભળવામાં તથા ઉકેલ લાવવામાં કોઈ રસ દેખાતો નથી. પાલિકાના કમિશનરશ્રીને વિનંતી છે કે કતારગામ ઝોનમાંથી આવી અયોગ્ય વ્યવસ્થા બંધ કરી સમગ્ર શહેરમાં સમાન રીતે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશન કરવામાં આવે.

**સુરત - અમિત દેસાઈ**

## સુરત સાથે રમત

વર્તમાન સમયમાં પણ જુઓ ત્યાં દરેક સ્વાદ અને બજેટ પ્રમાણે ચટાકેદાર જમવાનું મળી જશે. 80 લાખના વસ્તીઆંકને પાર હટી ગયેલ આ મહાનગર ઔર, સ્માર્ટ સીટી, મીની ભારત સૌથી ઝડપી વિકાસ પામતું શહેર ગુજરાતની આર્થિક રાજધાની કે ડાયમંડ સીટી જેવી ઓળખ પણ ધરાવે છે. ગુજરાતના આ મુખ્ય શહેરની ઓળખ શું સ્વાદ, ઓવરબ્રીજ, મેટ્રો ટ્રેન, બહુમાળી મકાનો જેવા માપદંડો સુધી જ સીમિત રહેવી જોઈએ. કળા અને રમતગમત માનવજીવનના અભિન્ન વર્ગો રહ્યા છે. શું આપણું શહેર આ દિશામાં પણ આગળ વધ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં બાગ તેમજ તેમાં રમત-ગમત કે ઓલિમ્પિક માટે દાવેદારી નોંધાવનાર ગુજરાત રાજ્યમાં બીજાં મોટાં શહેરોની સરખામણીમાં રમત પ્રત્યે ઉદાસીન વલણ જણાવે છે. કદાચ આવા વલણ પાછળ સુરતની જનતાનો પણ ફાળો હોય છે. કેમ કે યંત્રવત્ બનેલ આ ભાગદોડવાળી જીવનશૈલીમાં લોકોની આ ક્ષેત્રની જરૂરિયાત કે અગત્ય જણાતી જ ન હોય પણ અહીં પ્રશ્ન શહેરના સત્તાધીશો કે શાસક પક્ષ માટે છે. શહેરમાં ચાલતી દરેક શાળાઓમાં નિયમ પ્રમાણે રમતનાં મેદાનો કે રમત માટેનું વાતાવરણ છે. સ્વસ્થ અને ખુશહાલ જીવન માટે આર્થિક વિકાસની સાથે કળા અને રમત પણ એટલાં જ જરૂરી છે. મેલ મહાકુંભ બેંક ઈન્ડિયા જેવાં આયોજનો કે સંકલ્પો પણ ત્યારે જ સફળ ગણાશે. શહેરના સર્વાંગી વિકાસ માટે સત્તાધીશો અને સુરતીલાલાઓ આ ક્ષેત્રને પણ હવે પ્રાધાન્ય આપે એવી આશા સાથે શુભકામના.

**સુરત - પિયુષ પટેલ**

## કાયદો સૌ માટે સમાન: ખાખી હોય કે ખાનગી!

હું સુરત શહેરના એક જવાબદાર નાગરિક તરીકે આ નોટ દ્વારા એક મહત્ત્વપૂર્ણ મુદ્દા પર જનજાગૃતિ લાવવા ઈચ્છું છું. આ કોઈ વ્યક્તિવિશેષ સામેનો આરોપ નથી, પરંતુ “Rule of Law”અંગે જાગૃતિ અને કાયદાના સમાન અમલની ન્યાયસંગત માગ છે.ભારતના બંધારણની કલમ 14 સ્પષ્ટ રીતે કહે છે:“કાયદા સમક્ષ દરેક વ્યક્તિ સમાન છે અને કાયદાની સમાન સુરક્ષા મેળવવાનો અધિકાર ધરાવે છે.” અર્થ સ્પષ્ટ છે નાગરિક હોય કે અધિકારી, ખાખી હોય કે ખાનગી -કાયદો એક જ છે; અલગ નથી. Gujarat Police Manual / Service Rules મુજબ પોલીસ અધિકારી માટે કાયદાનું પાલન કરવું, જનતા સાથે સન્માનપૂર્ણ વર્તવું અને પોતે આદર્શ ઉદાહરણ બનવું ફરજિયાત છે. વાહનચાલકોને અપમાનિત કરવું અથવા કાયદાની અમલવારીને પ્રદર્શન તરીકે રજૂ કરવું professional misconduct ગણાઈ શકે છે.“Rule of Law”નો મૂળ અર્થ છે - Selective enforcement નહીં Uniform application of law Authorityની accountability આ નોટ કોઈ આરોપ માટે નથી, પરંતુ એક પ્રામાણિક સવાલ છે: જો અધિકારી પોતે જ નિયમોનું પાલન ન કરે, તો સામાન્ય નાગરિક પાસેથી શિસ્ત અને પાલનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? “ગામને શિખામણ આપતાં પહેલાં, પોતે શિખામણ લો.” અહીં સલાહ નહીં, પરંતુ સમાન કાયદા અને જવાબદારીની ન્યાયસંગત માંગ છે. સુરત એક સંસ્કારી અને જાગૃત શહેર છે. ચાલો, આપણે સૌ મળી કાયદાનું પાલન કરીએ ખાખી હોય કે ખાનગી, કાયદો સૌ માટે એક સમાન.

**સુરત - આશિષ ટેલર**